ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ગૌતમ પુરોહિત
સિનિયર પત્રકાર
મો. ૯૯૦૯૯ ૧૦૭૧૮



પ્રિયાંશ જીગરકુમાર ઠાકોર
મો. ૯૮૬૭૯ ૬૪૯૪૧



ત્રિશા યોગેશભાઈ દરજી



ભાવિક દિપકભાઈ સુખડીયા
મો. ૯૪૨૭૬૦૦૯૦૫

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ચાર દિવસીય સૌરાષ્ટ્રનો પ્રવાસ




ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડા દ્વારા ધો-૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સૌરાષ્ટ્રના પ્રવાસનું ચાર દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૫૮ વિદ્યાર્થીઓએ ભગા લીધો હતો. તુલસીશ્યામ, દીવ, સોમનાથ, સાસણગીર, ચાપરડા, જૂનાગઢ, પરબવાવડી, હીંગોળગઢ, ઘેલાસોમનાથ, ભાલકાતીર્થ, બીલખાતીર્થ, કાગવડ, પાળિયાદ, સાળંગપુર અને લોથલની મુલાકાત આ પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ લીધી હતી. વિદ્યાર્થીઓના શિક્ષણના ભાગરૂપે આયોજીત કરવામાં આવેલ ચાર દિવસના પ્રવાસમાં બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને જ્ઞાનસભર માહિતી પ્રાપ્ત કરી હતી.

# એસજી-એસવી સ્કૂલમાં ભજન સ્પર્ધા



એસ.જી. - એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધો -૧ થી ૪ ના બાળકો માટે ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ- ૧ ના વિદ્યાર્થીઓએ નરસિંહ મહેતા, ધોરણ- ૨ ના વિદ્યાર્થીઓએ શિવ ભજન ધોરણ- ૩ ના વિદ્યાર્થીઓએ મીરાંબાઈ, ધોરણ- ૪ના વિદ્યાર્થીઓએ હનુમાન અને સાઈબાબાનાં ભજનનું સરસ ગાન કર્યું હતું. આ સ્પર્ધામાં દરેક ધોરણમાથી એક એક નંબર આપવામાં આવ્યો હતો. બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

# ગુજરાત યુનિ અને આઈટી એસોસિએશન વચ્ચે રીસર્ચ વર્ક માટે એમઓયુ કરાયા

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટીના આજે ૬૯મા સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટી કેમ્પસમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સિવાય યુનિવર્સિટી દ્વારા આઈ.ટી.એસો.સાથે એક એમઓયુ પણ કરવામાં આવ્યા હતા. આ એમઓયુ અંતર્ગત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં આઈ.ટી.ક્ષેત્રમાં ખાસ લાભ થાય તેવુ આયોજન કરવામાં આવ્યુ છે.

યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૧૯૪૯માં ૨૩મી નવેમ્બર કરવામાં આવી હતી. સ્થાપના દિન નિમિત્તે દરવર્ષે યુનિવર્સિટી દ્વારા ઉજવણી કરવામાં આવે છે. આજે યુનિવર્સિટીમાં સ્ટાફ દ્વારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામા આવ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીમાં રોશની પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ફાયદો થાય તે માટે આજે ખાસ આઈ.ટી. એસોસીએશન સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એમઓયુ અંતર્ગત આઈ.ટી. ઈન્ડસ્ટ્રીઝમાં માર્કેટ રીસર્ચ, પ્રોજેક્ટ સહિત કામોમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવશે. માર્કેટમાં કયા પ્રકારના આઈ.ટી.રીલેટેડ વર્કની જરૂર છે તેની ચકાસણી કરીને તે પ્રકારના પ્રોજેક્ટ પર વિદ્યાર્થીઓને કામ સોંપવામાં આવશે.

આ ઉપરાંત ભવિષ્યમાં આઈ.ટી.માં વિદ્યાર્થીઓ રીસર્ચ કરી શકે તે માટે ખાસ એકેડેમિક પ્રોગ્રામ પણ તૈયાર કરવાનું નક્કી કરાયુ છે. નોંધનીય છે કે યુનિવર્સિટીમાં આઈ.ટી.ને લગતાં કોર્સ ઓછા છે ત્યારે આ પ્રકારના એમઓયુના કારણે કેટલા વિદ્યાર્થીઓને ફાયદો થશે તે મહત્વનું છે.

# નવી પેરામેડિકલ કૉલેજોને સમયસર મંજૂરી માટે તાકીદ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

મેડિકલ-પેરામેડિકલમા ઓનલાઈન એડમિશન અને ચાલુ વર્ષે સૌથી વધુ ૩૫ જેટલી નવી કોલેજોને મંજૂરી મળવા છતાં વિદ્યાર્થીઓને કોઈ ફાયદો થયો નથી. ઉલટાનું છેલ્લી ઘડીએ કોલેજોને મંજૂરી મળવાના કારણે ૩ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આ સ્થિતિમાં હવે પ્રવેશ સમિતિ અને સરકારે આગામી વર્ષે ફરીવાર આ પ્રકારની સ્થિતિ ઊભી ન થાય તે માટે તમામ નવી કોલેજોને ૩૧મી ઓગસ્ટ પહેલા મંજૂરી આપી દેવા તાકીદ કરવાનું નક્કી કરાયુંછે. સરકાર દ્વારા કરાનારી રજૂઆતો કાઉન્સિલ ધ્યાને લેશે તો પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશના આઠ રાઉન્ડ કરવા નહી પડે. ચાલુ વર્ષે પેરા મેડિકલમાં સૌથી વધુ નવી કોલેજોને મંજૂરી અપાઈ છે. કુલ ૩૫ કોલેજોમાં અંદાજે ૩ હજાર જેટલી બેઠકોનો વધારો થયો છે. કુલ ૩૫ પૈકી મોટાભાગની કોલેજોને ૧લી નવેમ્બર પછીના છેલ્લા બે રાઉન્ડમાં મંજૂરી અપાઈ હતી. જયારે મંજૂરી મળી ત્યાંસુધીમાં અનેક વિદ્યાર્થીઓએ જુદી જુદી કોલેજોમાં પ્રવેશ લઈ લીધો હોવાથી છેલ્લા રાઉન્ડમાં જે નવી કોલેજો આવી તેમને પુરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી શકયા નથી.

## આરટીઈ બાબતે જાહેરહિતની અરજી

ગાંધીનગર, તા. ૨૪

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં નવી શરૂ થયેલી શાળાઓમાં મફત અને ફરજિયાત શિક્ષણ (આરટીઈ)ના કાયદા પ્રમાણે ૨૫ ટકા બેઠકો અનામત રાખી પ્રવેશ કાર્યવાહી ના થઈ હોવાનો આક્ષેપ કરતી જાહેરહિતની અરજી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજદાર સંદીપ મુજ્યાસરાએ પાર્ટી ઈન પર્સન તરીકે આ રિટ પિટિશન કરી છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે, 'ચાલુ શૈક્ષણિક વર્ષમાં કેટલી નવી શાળાઓને મંજૂરી અપાઈ છે, કેટલી શાળાઓએ ૨૫ ટકા બેઠકો ઈઈ માટે અનામત રાખી છે અને આ શાળાઓએ કેટલા બાળકોને પ્રવેશ આપ્યો છે તેની માહિતી માંગવામાં આવી રહી હોવા છતાંય પ્રાથમિક શિક્ષણ વિભાગ આપતું નથી. આ મામલે તપાસ કરતા ૩૦૦થી વધુ નવી શાળાને ચાલુ વર્ષે મંજૂરી અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે, તે પૈકીની મોટાભાગની શાળાએ ઈઈ હેઠળ ૨૫ ટકા બેઠકો મુજબ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરી નથી.' વધુમાં એવી રજૂઆત કરાઈ છે કે,'અમે સંશોધન કરીને ૧૭ જેટલી નવી મંજૂરી મળેલી શાળાઓની યાદી પણ પિટિશનમાં રજૂ કરી છે.'

### ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી

# ધોરણ-૧૨ની ખાસ પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરાશે

## નાપાસ વિદ્યાર્થીઓને માર્ચ-૨૦૧૮માં પરીક્ષાની તક અપાશે : વિદ્યાર્થીઓ ૯મી ડિસેમ્બર સુધીમાં બૉર્ડની વેબસાઈટ પર ઑનલાઈન ફૉર્મ ભરી શકશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવાયેલી ધો.૧૨ની ખાસ પરીક્ષાનું પરિણામ આગામી તા.૨૫મીએ જાહેર કરવામાં આવશે. આ પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓને હજુ વધારે એક તક આપવાનું નક્કી કરાયુ છે. જે પ્રમાણે નાપાસ થનારા વિદ્યાર્થીઓ માર્ચ ૨૦૧૮માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં ફરીવાર ફોર્મ ભરી શકશે.

બોર્ડ દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં ધો.૧૨માં નપાસ થયેલા વિદ્યાર્થીઓ અથવા તો કોઈ કારણોસર ધો.૧૨ની પરીક્ષા આપી શકયા નહોય તેવા વિદ્યાર્થીઓને એક વધારે તક આપવા માટે ૨૫મી ઓક્ટોબરે ખાસ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાંથી અંદાજે સવા લાખ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ધો.૧૨ના સામાન્ય પ્રવાહના સીલેબસમાં ધરખમ ફેરફારો આવતાં હોવાથી જે વિદ્યાર્થીઓ કોઈને કોઈ કારણોસર ધો.૧૨ પાસ થઈ શકયા નથી તેમને એક વધારાની તક આપવી જોઈએ તેવા ઉદ્દેશ્ય સાથે આ પરીક્ષાનું આયોજન કરાયું હતું.

અગાઉ આ ખાસ પરીક્ષા ૨૩મી ઓક્ટોબરથી શરૂ થવાની હતી પરંતુ દિવાળીના કારણે ૨૫મીથી લેવામાં આવી હતી. ધો.૧૨ સામાન્ય પ્રવાહ ઉપરાંત વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ. બુનિયાદી પ્રવાહ વગેરેમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. બોર્ડ દ્વારા પરીક્ષા પૂર્ણ કરાયા બાદ હાલ ઉત્તરવહી ચકાસણીની પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. જેના કારણે હવે આગામી તા. ૨૫મી નવેમ્બરના રોજ પરિણામ જાહેર કરી દેવામાં આવશે. જિલ્લાના નિયત કરેલા વિતરણ કેન્દ્રો પરથી શાળાઓએ મુખત્યાર પત્ર રજૂ કરીને સવારે ૧૧થી ૪ દરમિયાન શાળાનું પરિણામ મેળવી લેવાનું રહેશે. બોર્ડ દ્વારા જયારે ખાસ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ ત્યારે એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વિદ્યાર્થીઓ માટે આ આખરી તક રહેશે. પરંતુ હવે ખાસ પરીક્ષામાં નાપાસ થયેલા ઉપરાંત બોર્ડ દ્વારા ઓકટોબરમાં લેવાયેલી પરીક્ષા આપી હોય પરંતુ નાપાસ થયા હોય તેમને પણ માર્ચ ૨૦૧૮માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં તક આપવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓએ તા. ૯મી ડિસેમ્બર સુધી બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

# માણસને પ્રકૃતિએ શાકાહારી ઘડ્યો છે




પશ્ચિમના ડૉકટરોના એક સમુદાયનો મત એવો છે કે મનુષ્યના શરીરની રચનાને જોતાં તે શાકાહારી જ લાગે છે. પ્રકૃતિએ પણ મનુષ્યની આહાર મેળવવાની ક્ષમતા, પાચન તંત્ર, દાંત, વિગેરેની રચના એવી કરી છે કે તેના પરથી તે શાકાહારી હોવાનું પ્રમાણિત થાય છે. માંસભક્ષી પ્રાણી પાસે બીજા પ્રાણીનો શિકાર કરવા માટે ઝડપ, સ્ફુર્તિ, તેજ દ્રષ્ટિ,તીક્ષ્ણ નહોર, તીક્ષ્ણ દાંત હોય છે. માણસ પાસે આ નથી. તેથી માણસને પ્રકૃતિએ માંસાહારી ઘડયો નથી.

આહાર એ યજ્ઞનું એક અંગ છે. દુનિયામાં હિંદુસ્તાન જ એક એવો દેશ છે કે જેમાં આખી જાતિની જાતિઓ માંસાહારમુક્ત છે. અમુક લોકો માંસ ખાય છે પણ તેમને આ બહું સારું કરે છે તેવું લાગતું નથી. હિંસામાં મોટાભાગે અજ્ઞાન જ હોય છે. અજ્ઞાન વગર પાપ- જીવ હત્યા સંભવે જ નહીં. પણ ઈશ્વરના કાનૂનનું અજ્ઞાન પણ બહુ મોટો ગુનો છે. માંસ ખાવું એ અકુદરતી છે. પણ પાશ્ચાત્ય સંસ્કૃતિના કારણે દૈવી સંપત્તિ રૂપી અહિંસામાંથી શ્રધ્ધા ડગવા લાગી છે. છેલ્લા કેટલાક સમયથી અમુક લોકોને માંસાહારમાં ઈષ્ટાતા દેખાવા માંડી છે. માંસાહાર કરવો જોઈયે એવું લાગવા માંડયું છે. માંસ ખાવું એટલે અન્ય જીવને દુઃખી કરવો.

માંસ એ હાઈ પાવર ડાયેટ છે તે વ્યક્તિને નબળો બનાવે છે. તેની શારિરીક, માનસિક અને નૈતિક શકિત ખતમ થઈ જતાં તેનું અધઃપતન થાય છે. માંસાહારએ હાઈ પ્રોટીન આહાર હોવાથી લોકો વજન જાળવવા, ચયાપચયને સુધારવા અને અનાજ ઓછું ખવાય તે માટે ઉપયોગ કરે છે. ખાસ કરીને મહિલાઓ પોતાની સ્કિન સારી રહે તેવી માન્યતા સાથે માંસાહાર કરે છે. પણ તેની સામે અપચો, એસીડીટી, સ્થૂળતા, વજન વધારો અને હાઈ બ્લડ પ્રેશર જેવી બિમારીઓ નફામાં મળે છે. માંસ એ મૃત પ્રાણીઓનું હોય છે. પાલતુ પશુ કે પંખી સામાન્ય રીતે તંદુરસ્ત નથી હોતાં. માણસની જેમ પશુંઓમાં પણ અનેક રોગ હોય છે. આમ, માંસાહારી લોકોનું કામ ભગવાન ભરોસે ચાલે છે. મહાવીર સ્વામીએ કિધું છે કે 'કોઈ પણ પ્રાણીને મારીને બનાવવામાં આવેલાં પ્રસાધનનો પ્રયોગ કરનારા લોકોને એટલું જ પાપ લાગે છે જેટલું કોઈ જીવને મારવાથી લાગે છે.'

સામાન્ય રીતે, શાકાહારી આહારમાં સંતૃપ્ત ચરબી, કોલેસ્ટ્રોલ અને પ્રાણી પ્રોટિન ઓછું હોય છે, ઉપરાંત, ફાઈબર વધુ હોય છે. પરિણામે, શાકાહારીઓમાં સ્થૂળતા, હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ઑસ્ટિયોપોરોસિસ અને કેટલાક પ્રકારના કેન્સર જેવા કે ફેફસા અને કોલોનના ઓછા જોવા મળે છે. પશ્ચિમી દેશોમાં માંસાહારી કરતાં શાકાહારીઓ સામાન્ય રીતે લાંબુ જીવન જીવે છે. ઈંગ્લેન્ડમાં શરૂઆત થયેલ અને દુનિયાના ૨૦૯ દેશોમાં વિસ્તરેલું 'સેવન્થ ડે એડવન્ટીસ્ટ ચર્ચ' એ શાકાહારનું સમર્થક છે. શરીરને અંદરથી પવિત્ર રાખવા અને પરમાત્મા સાથે નાતો કેળવવા શાકાહારી બનવું જોઈયે એવું માનતું આ ચર્ચ લોકોનું ભોજન શાકાહારી બને તેવો પ્રયત્ન કરી રહેલ છે. પશ્ચિમી દેશોમાં તો વેજીટેરીયન સોસાયટીઓ ઉભી થવા માંડી છે.

એમ કહેવાય છે કે, જ્યારે તમે બાળકને એક ઉંદર પ્રત્યે દયા દાખવવા કહો છો ત્યારે તમે તમારા બાળકનું અને ઉંદર બંનેનું સરખું કલ્યાણ કરો છો. જો આમ જ હોય તો બાળકોને માંસ ન ખવડાવવું જોઈયે. તેની જગ્યા તેને કુદરતી રીતે ઊગેલા અને પાકતાં અનાજ, શાકભાજી, કંદમૂળ કે ફળો આપવા જોઈયે. હાલમાં કેટલાક લોકો યોગીક અને આયુર્વેદીક જીવનશૈલીને લીધે માંસ ખાવાનું ટાળે છે કારણ કે તે 'રાજસિક' છે. શાકાહાર એ આરોગ્ય અને તેની સાથોસાથ મનુષ્યની જીવનશૈલીમાં પણ વિશાળ ભૂમિકા ભજવે છે. આવા લોકોનું વજન ઓછું હોય છે, તેઓ નિયમિત રીતે વ્યાયામ કરે છે અને ધુમ્રપાન કે મદિરાની લતે નથી ચઢતા. મેડિકલ સાયન્સે એવું સાબિત કર્યું છે કે માનવ શરીરની બળતણ જરૂરિયાતો બિન-શાકાહારી ખોરાક કરતાં શાકાહારી ખોરાક વધુ સંતોષે છે. માંસમાં રહેલા માત્ર ૬૦% તત્વો જ ઉપયોગી છે, બાકીના ઝેરી છે. તે કોલેસ્ટેરોલ વધારે છે તેથી ધમનીમાં અવરોધ અને હૃદયરોગની શક્યતાઓ વધી જાય છે. બિન-શાકાહારી ખોરાકમાં ફાઈબરનો સમાવેશ થતો નથી. અનાજ, કઠોળ, ફળો, ગાજર, સાઈટ્રસ ફળો, સફરજન પીચ, કોબીજ, નાશપતી વગેરે ફાઈબરથી સમૃદ્ધ છે, તેથી આહારમાં આનો સમાવેશ કરવાની ભલામણ કરવામાં આવે છે. તેમ છતાં, બિન-શાકાહારી ખોરાકના કેટલાક લાભો પણ છે: તેમાં પ્રોટીન ખુબજ હોય છે. અને વિટામીન બી૧૨ જે શાકાહારી ખોરાકમાં ઉપલબ્ધ નથી તે હોય છે. માછલીમાંથી ઑમેગા ૩ અને કેલ્શિયમ મળી રહે છે.

વાહન નીચે કુતરું કે અન્ય પ્રાણી આવી જાય તો કેમ ચિત્કાર કરીએ છીએ? કારણ એ છે કે એના અને આપણામાં કાંઈક સમાન તત્વ છે અને તે છે આત્માની સમાનતા. વેદ શીખવે છે કે આત્મા એ ઈશ્વરી અંશ છે.

અહિંસાએ દૈવી સંપત્તિ છે જ્યારે હિંસાએ આસુરી સંપત્તિ છે. માણસ પોતાનાથી દૂબળાં અને પોતાને આશરે હોય તેવા નિર્દોષ જાનવરો છે તેમને જ ખાય છે. આચાર્યોએ સાવધાની ઉચ્ચારી છે કે અત્યારે જે માણસ પશુંને ખાય છે, તે માણસને પછીથી પશું ખાશે. જે લોકો માંસ ખાય છે તેમને સત્યને સમજી શકતા નથી. તે સમજવા માટે નિર્ભયતા અને નમ્રતા જોઈયે અને તો જ સત્ય અને અહિંસાનો વિકાસ થાય.

મહાવીર સ્વામીએ કિધું છે કે: 'સંસારના દરેક પ્રાણી મૃત્યુથી ડરે છે, જે રીતે આપણે જીવવા માંગીએ છીએ તે જ રીતે સંસારનાં બધાં જ પ્રાણીઓ જીવવા માંગે છે, તેથી 'સ્વયં જીવો અને બીજાને જીવવા દો.'

મુરઘી કહે મુલ્લા સે, તુ ઝબ્બે (વધ) કરત હે મોહે!

જબ સાહેબ લેખા (હિસાબ) માગશી, તબ સંકટ પડશે તોહે....!!

મહાવીર અને ઉપનિષદોની રાહે ચાલતાં આઈ શ્રી સોનલમાએ તેમના પ્રવચનોમાં કીધું કે: '....પશુબલી ચડાવનારા તો બીજાંઓ કરતાં પણ વધારે દુઃખી થતાં જોવામાં આવે છે...બિચારા ગરીબડાં બકરાં ઘેટાં આપણે આશરે હોય, તેને વહેમમાં પડીને ધરમને નામે મારીને આપણે આપણાં આઈમાઓના થાનક અભડાવ્યાં છે. એ થાનકોમાં કતલખાના ન કરવાનાં હોય...પૂજા એ હાડચામની ન હોય. આદર્શની હોય, ગુણની પૂજા હોય...ભજન કરો, શાસ્ત્રો વાંચો, મીઠા નૈવેધ કરો...જે ધર્મમાં હિંસા હોય તે ધર્મ જ નથી..'

ભગવાનશ્રી સ્વામિ-નારાયણે''શિક્ષાપત્રી''માં અહિંસક યજ્ઞને પ્રોત્સાહન આપ્યું છે. કુરાનમાં અલ્લાહે કિધું છે કે 'હરામ(અવૈધ) ઠરાવેલ કોઈ જીવને નાહક કતલ કરતા નથી; આ કામ જે કોઈ કરે તે પોતાના ગુનાનો બદલો મેળવશે.' દક્ષિણ આફ્રિકામાં કસ્તુરબાની માંદગીમાં જીવ બચાવવા માટે દાકતરોએ સલાહ આપી હોવા છતાં પણ માંસનો સેરવો(મટનસૂપ) ન લીધો. આમ, અહિંસાનો પ્રયોગ એ વ્યક્તિગત હોવો જોઈએ.






(૧) પ્રમુખ બિઝનેસ સ્કૂલ આઈએમડી દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વ પ્રતિભા રેન્કિંગમાં ભારતને કયું સ્થાન આપવામાં આવ્યું છે ?
(એ) ૧૦મું
(બી) ૧૫મું
(સી) ૩૧મું
(ડી) ૫૧મું

(૨) કઈ બેન્ક એસએમએસ મોકલવા મામલે દેશની સૌથી મોટી બેન્ક બની છે ?
(એ) ભારતીય સ્ટેટ બેન્ક (બી) પીએનબી
(સી) નેશનલ બેન્ક (ડી) ઈન્ડિયન બેન્ક

(૩) તાજેતરમાં કોણે યુબીએસ ઈન્ડિયાના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધું હતું ?
(એ) ઊર્જિત પટેલ (બી) રઘુરામ રાજન
(સી) જયંત સિંહા (ડી) આશિષ કામત

(૪) ભારતની પ્રથમ કઈ મહિલા ડૉક્ટરની ૧૫૩મી જન્મજયંતિ મનાવવામાં આવી હતી ?
(એ) કે સોરાબજી (બી) રુક્માબાઈ
(સી) ભક્તિ દોશી (ડી) સરોજિની નાયડુ

(૫) કેન્દ્રીય મંત્રીમંડળે ભારતમાં કેટલામા વિત્ત આયોગની રચના કરવા મંજૂરી આપી છે ?
(એ) ૧૪મું (બી) ૧૬મું
(સી) ૧૭મું (ડી) ૧૫મું

(૬) તાજેતરમાં નેવીમાં પ્રથમવાર કઈ મહિલા પાયલટને સામેલ કરવામાં આવી છે ?
(એ) શુભાંગી સ્વરૂપ (બી) દિયા ગુપ્તા
(સી) દિવ્યા શર્મા (ડી) પ્રીતિ સિંગ

(૭) તાજેતરમાં કયા દેશ દ્વારા ત્રણ દૂરસંચાર ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યા છે ?
(એ) ભારત (બી) ચીન
(સી) ઈઝરાયલ (ડી) પાકિસ્તાન

(૮) કયા મિશન અંતર્ગત નાસાએ હાલમાં જ સુપરસોનિક પેરાશૂટનું સફળ પરિક્ષણ કર્યું છે ?
(એ) ચંદ્રમિશન ૨૦૧૯ (બી) મંગલગ્રહ મિશન ૨૦૨૦
(સી) શનિગ્રહ મિશન ૨૦૨૨ (ડી) બુધગ્રહ મિશન ૨૦૨૫

(૯) બેથમૂની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં સૌથી વધારે ચોક્કા લગાવનાર ખેલાડી બની ગયો છે. આ ખેલાડી કયા દેશનો છે ?
(એ) ઓસ્ટ્રેલિયા (બી) શ્રીલંકા
(સી) પાકિસ્તાન (ડી) ભારત

(૧૦) તાજેતરમાં કયા દેશે ઈરાક અને સિરીયામાં ઈસ્લામી સ્ટેટ વિરુદ્ધ ફતેહની જાહેરાત કરી છે ?
(એ) સાઉદી અરબ (બી) ફ્રાંસ
(સી) ઈરાન (ડી) રશિયા